# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21/08/2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **વર્ષ 2034 સુધીમાં G.D.P.માં સહકારી ક્ષેત્રનું યોગદાન ત્રણ ગણું વધારવાનું સરકારનું લક્ષ્ય હોવાનું જણાવતાં મુખ્યમંત્રી.**
2. **રાજ્યના આંગણવાડી કાર્યકરને 24 હજાર 800 અને તેડાગરને 20 હજાર 300 રૂપિયાનું વેતન ચૂકવવા વડી અદાલતનો રાજ્ય સરકારને આદેશ.**
3. **કચ્છા લખપતના દરિયાકિનારેથી બિનવારસી હાલતમાં માદક દ્રવ્યોનો જથ્થો મળ્યો.**
4. **છેલ્લા ચોવીસ કલાકમાં રાજ્યમાં શ્રીકાર વરસાદ - મેંદરડામાં સાંબેલાધાર સાથે કુલ 226 તાલુકાઓમાં વરસાદ**
5. **વડોદરામાં રમાઇ રહેલી ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ પ્રથમ મડલાણી અને વેદ પંચાલનો ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ.**

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CM SAHAKARI

વર્ષ 2034 સુધીમાં **G.D.P.**માં સહકારી ક્ષેત્રનું યોગદાન ત્રણ ગણું વધારવાનું લક્ષ્ય નવી રાષ્ટ્રિય સહકાર નીતિ- 2025માં રાખવામાં આવ્યું હોવાનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું.

'સહકારથી સમૃદ્ધિ' અંતર્ગત જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો , દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ, ખેતી બેંક અને ગુજકોમાસોલ સહિતની સહકારી સંસ્થાઓના અગ્રણીઓના ગાંધીનગરમાં યોજાયેલા વર્કશોપમાં બોલતાં તેમણે ઉમેર્યું કે સહકાર સે સમૃદ્ધિથી વોકલ ફોર લોકલના વિઝનને પાર પાડવામાં ગુજરાત અગ્રેસર છે.

## બાઇટ- ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી

---

# HIGH COURT ORDER

રાજ્યના આંગણવાડી કાર્યકરને 24 હજાર 800 અને તેડાગરને 20 હજાર 300 રૂપિયાનું વેતન ચૂકવાશે. રાજ્યની વડી અદાલતે કરેલા નિર્દેશ અનુસાર એક એપ્રિલ, **2025**થી શરૂ થતા નાણાકીય વર્ષથી એરિયર્સ સાથે ચૂકવણી કરવા જણાવાયું છે. આ ચૂકવણી સરકારે **6** મહિનામાં કરવાની રહેશે. વડી અદાલતમાં સિંગલ જજે વર્ષ **2024**માં કરેલા હુકમ સામે સરકાર અપીલમાં ગઈ હતી. જેના પર ચુકાદો આપતાં વડી અદાલતે આંગણવાડી કાર્યકારોને મોટી રાહત આપી છે.

બે ન્યાયાધીશની ખંડપીઠે આંગણવાડી કાર્યકરને **10** હજાર રૂપિયા ઉપરાંત લઘુત્તમ માસિક વેતન **14** હજાર **800** રૂપિયા સહિત કુલ **24** હજાર **800** રૂપિયા અને

આંગણવાડી તેડાગરને પણ લઘુત્તમ વેતન **14** હજાર **800** રૂપિયા અને **5** હજાર **500** રૂપિયા એમ કુલ **20** હજાર **300** રૂપિયા ચૂકવવા રાજ્ય સરકારને હુકમ કર્યો છે.

---

## ARVALLI BUS PALTI

અરવલ્લીમાં મોડાસાના ચોપડા ગામ નજીક સ્કૂલ બસ પલટી જતાં **30**થી વધુ બાળકોને સામાન્ય ઇજા થઈ છે. શાળા છૂટયા બાદ બાળકોને લઈને બસ પરત ફરી રહી હતી ત્યારે આ ઘટના બની હતી. ઘટનાને પગલે આરોગ્ય અને શિક્ષણ વિભાગની ટુકડી હોસ્પિટલમાં પહોંચી હતી.

આ અંગે શિક્ષણાધિકારીએ વધુ માહિતી આપી.

**બાઈટ - નૈનેશ દવે, ઈન્ચાર્જ શિક્ષણાધિકારી, અરવલ્લી**

---

## FOOD SEFTY ACT SUGESTIONS

ફુડ સેફ્ટી અને સ્ટાન્ડટર્ડસએક્ટ, 2006ની જોગવાઇઓમાં સુધારા સંદર્ભે વાંધા-સુચનો મેળવવાની અવધી **22** સપ્ટેમ્બર સુધી લંબાવવામાં આવી. રાજ્યના નાગરિકો તથા ફૂડ વ્યવસાય સાથે સંકળાયેલા વ્યક્તિઓ-અસોસિયેશનના હોદ્દેદારો સમયમર્યાદા સુધીમાં પોતાનો અભિપ્રાય આપી શકશે તેમ રાજ્યના ખોરાક અને ઔષધનિયમન તંત્રના કમિશનર ડોક્ટર એચ .જી.કોશિયાએ જણાવ્યું હતું.

**બાઇટ- ડો. એચ.જી. કોશિયા**

---

# KATCH- MADAK PADARTH

કચ્છ જિલ્લામાંથી માદક પદાર્થો મળી આવ્યાનો સિલસિલો યથાવત્ રહ્યો છે. ગઇકાલે લખપતમાં લક્કી નાળા અને તેની નજીકના બેટ પાસેથી બિનવારસી માદક પદાર્થોના પેકેટ મળી આવ્યા છે. આ પેકેટ એક એક કિલોગ્રામના વજનના છે. આ અંગે તંત્ર દ્વારા વધુ તપાસ હાથ ધરાઇ છે.

---

# RAIN SITUATION IN DISTRICTS (PAGE 1)

આજે સવારે છ વાગે પૂરા થયા ચોવીસ કલાક દરમિયાન રાજ્યના **226** તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે. જેમાં સૌથી વધુ જનાગઢના મેદરડામાં **13** ઇંચ કરતાં વધુ વરસાદ ખાબક્યો હતો..

જુનાગઢ જિલ્લાના મેંદરડામાં **13** ઇંચ જ્યારે કેશોદમાં 11 અને વંથલીમાં 10 ઇંચ જેટલો વરસાદ ખાબકતાં જનજીવન અસરગ્રસ્ત થયું છે.

સાંભળીએ એક અહેવાલ....

## (વોઇસ કાસ્ટ : સંજીવ મહેતા જુનાગઢ )

ભારે વરસાદથી અસરગ્રસ્ત જુનાગઢમાં **NDRF**ની 6 ટુકડી તહેનાત કરવામાં આવી છે. જૂનાગઢના વહીવટીતંત્ર પાસેથી મળેલી માહિતી મુજબ , માણાવદરના મહાદેવ મંદિરના નીચાણવાળા વિસ્તારોમાં ફસાયેલા 7 લોકોને **NDRF**ની ટીમે બચાવ્યા છે. અમરેલીમાં ભારે વરસાદના કારણે રાજૂલા – જાફરાબાદમાં પાંચસો બોટ દરિયા કિનારે લાંગરવામાં આવી.

નવસારી જિલ્લામાં ભારે વરસાદ પડતાં વાંસદા તાલુકાના બે બંધ ઓવરફ્લો થયાં. સાથે કાવેરી નદી ભયજનક સપાટીથી બે ફૂટ નીચે વહેતાં બીલીમોરાના 22 લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા છે.

ભાવનગર, ડાંગ જિલ્લામાં ભારે વરસાદ વરસ્યો. ગીર સોમનાથ જિલ્લાના હિરણ-2 ડેમમાં બે દરવાજા ૦.૪૫ મીટર ખોલવામાં આવ્યાં છે. જેમાંથી 3 હજાર 347 ક્યૂસેક પાણી છોડવામાં આવ્યું છે.

ભારે વરસાદને પગલે રાજ્યના 70 જળાશય હાઇએલર્ટ પર અને 30 જળાશય એલર્ટ પર રખાયા છે.

આ સાથે રાજ્યમાં 4 હજાર 399 લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા છે. અત્યાર સુધી 781 લોકોને બચાવી લેવાયા છે.

---

## WEATHER

આગામી પાંચ દિવસ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં અતિ વરસાદની શકયતા છે. આગામી પાંચ દિવસ માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે અને રાજ્યનાં સમગ્ર દરિયાકાંઠે સિગ્નલ નંબર ત્રણ લગાવવામાં આવ્યું છે.

રાજ્ય ઉપર એક સાથે પાંચ સિસ્ટમ સક્રિય થતા હજુ પણ રાજ્યમાં અત્યંત ભારે વરસાદ વરસે તેવી સંભાવના વ્યક્ત કરાઈ છે.

---

# VADODARA BIKE RALLY

વડોદરા શહેર પોલીસ દ્વારા માર્ગ સલામતી અંગે જનજાગૃતિ લાવવાના ઉદ્દેશ્ય સાથે ગઇકાલે અકોટા બ્રિજ ખાતેથી બાઇક રેલી યોજાઇ હતી. પોલીસ મહાનિર્દેશક અને ગુજરાત રાજ્ય પોલીસ દળના વડા વિકાસ સહાયે લીલીઝંડી ફરકાવીને રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. આ રેલીમાં સલામતીના ઉપહાર' સ્વરૂપે વાહન ચાલકોને હેલ્મેટનું વિતરણ પણ કરવામાં આવ્યું

માર્ગ અકસ્માતો ઘટાડવા અને નાગરિકોને ટ્રાફિકના નિયમોનું પાલન કરવા પ્રેરિત કરવા માટે રેલીનું પ્રસ્થાન અકોટા બ્રિજ ખાતેના સોલાર પેનલ વિસ્તારેથી થયું હતું. આ રેલી યોગ સર્કલ સુધી આશરે ત્રણ કિલોમીટરની સુધી યોજીને વડોદરાના લોકોને હેલ્મેટ પહેરવા સહિત માર્ગ સલામતીના નિયમોનું પાલન કરવા અંગે સંદેશ આપવામાં આવ્યો હતો.

---

# TABLE TANIS

વડોદરામાં રમાઇ રેલી ટેબલ ટેનિસ સ્પર્ધામાં સ્થાનિક ખેલાડીઓ પ્રથમ મડલાણી અને વેદ પંચાલે શાનદાર પ્રદર્શન કરી પુરુષ વિભાગના ક્વાર્ટર ફાઇનલમાં સ્થાન મેળવ્યું છે. વડોદરાના સમા સ્પોર્ટ્સ ઈન્ડોર કોમ્પ્લેક્સ ખાતે **19** થી **21** ઓગસ્ટ દરમિયાન વડોદરા ટેબલ ટેનિસ એસોસિએશન ( **TTAB)** દ્વારા અને ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિએશન ( **GSTTA)** ના આશ્રય હેઠળ આયોજિત યુટીટી **5**મી ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ યોજાય છે.

આ સ્પર્ધામાં  મહિલા વર્ગમાં ટોચના સીડ ફ્રેનેઝ ચીપિયા , નામના જયસ્વાલ, રિયા જયસ્વાલ, ફિલઝાફાતેમા કાદરી, જિયા ત્રિવેદી અને પ્રથા પવારે સહજ રીતે ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

---

# PARUSHAN PRARMBH

જપ,તપ અને આરાધાનના મહાપર્વ એવા જૈનોના પર્યુષણ પર્વનો આજે બીજો દિવસ છે.  જૈન દેરાસરોમાં આરાધના , પ્રતિક્રમણ સહિતના વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યાં છે.  આઠ દિવસના આ મહાપર્વમાં ધ્યાન  , ઉપાસના સ્વાધ્યાય જેવા કાર્યક્રમો યોજાઇ રહ્યાં છે.  પર્યુષણના નવમાં દિવસે શ્રમાપણા દિને આ ઉત્સવનુ સમાપન થશે.

---

# TRAIN UPDATE

રાજકોટ વિભાગમાં લાખાબાવળ-પીપળી-કાનાલુસ સેક્શનમાં ડબલ ટ્રેકના કામના કારણે  **23** ઓગસ્ટ સુધી રેલ વ્યવહાર પ્રભાવિત થશે. ભાવનગર રેલવે મંડળની વેરાવળ-ઓખા એક્સપ્રેસ અને ઓખા-વેરાવળ એક્સપ્રેસ ટ્રેન આવતીકાલ સુધી રદ કરાઇ છે.     પોરબંદર-કાનાલુસ લોકલ લાલપુર જામ-કાનાલુસ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.  જ્યારે ભાવનગર-ઓખા એક્સપ્રેસ ટ્રેન 23 તારીખ સુધી જ્યારે ઓખા-ભાવનગર એક્સપ્રેસ  22મી સુધી લાખાબાવળ સ્ટેશન પર ઉભી રહેશે નહીં.

બીજી તરફ ગણેશોત્સવ દરમિયાન મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવે વિશ્વામિત્રી-રત્નાગિરી સ્ટેશનો વચ્ચે વિશેષ ભાડા પર વિશેષ ટ્રેનો ચલાવશે. વિશ્વામિત્રી - રત્નાગિરી-વિશ્વામિત્રી સાપ્તાહિક વિશેષ ટ્રેન દર સોમવારે વિશ્વામિત્રથી સવારે આઠ વાગ્યે ઉપડશે અને રાત્રે આઠ વાગ્યે રત્નાગિરી પહોંચશે. તેવી જ રીતે, રત્નાગિરી - વિશ્વામિત્રી વિશેષ ટ્રેન સોમવારે રત્નાગિરીથી રાત્રે નવ વાગ્યે ઉપડશે. ટ્રેનોના સ્ટોપેજ અને સમયની માહિતી રેલવેની વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

---

## LOK ADALAT

આગામી **13** સપ્ટેમ્બરે ગુજરાત વડી અદાલત સહિત રાજ્યભરની વિવિધ અદાલતોમાં રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરાશે. જેમાં નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળના કેસ, નાણાં વસૂલાતના કેસ, મોટર અકસ્માત દાવાના કેસ અને મજૂર કાયદા અંગેના કેસો સહિતના પેન્ડિંગ કેસોનું સમાધાન લાવી શકાશે. નાગરિકો ઝડપી અને સંતોષકારક સમાધાન માટે લોક અદાલતનો લાભ લઈ શકશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

---